[illegible]

શ્રી હરિ.

जय जय श्री रघुवीर समर्थः

श्री स्मरण सप्ताह यज्ञ महात्म्य"

અને

नाम कीर्तन पद्धति.

हरे नामैव नामैव नामैव मम

कलौ नास्त्येव नास्त्येव

પ્રસિદ્ધ

સ્માર્ત વૈષ્ણવ મિત્ર

મૂલ્ય અમૂલ્ય.

શ્રી ગુજરાત પ્રિન્ટીંગ પ્રેસ-

[illegible]

अथ

श्री स्मरण सप्ताह यज्ञ महात्म्य

અને

श्री नाम कीर्तन पद्धति

हरे र्नामैव नामैव नामैव मम जीवनम् ।
कलौ नास्त्येव नास्त्येव नास्त्येव गति रन्यथा ॥

प्रसिद्ध कर्ता.

श्री स्मार्त वैष्णव मित्रमण्डल–सिद्धपुर.

चैत्र शुक्ल १५ संवत १९६४

ધી ગુજરાત પ્રીન્ટીંગ પ્રેસ—અમદાવાદ.

वसंततिलका वृत्त.

શ્રી સદ્‌ગુરૂ પુરણ પુન્ય પિયુષ પુર્ણા;
દાતા સુગ્નાન વળી ઘોર અગ્નાન ચુર્ણા.
મોહાંધકાર ભ્રમણે ભમતો બચાવ્યો;
દર્શાવી ભક્તિ પથ હરિરસે મિલાવ્યો.

રમે સદૈવ હૃદયે મહિમા તમારો;
શ્રીમદ્‌ગુરૂ ગુણ ગણે ન આવેજ આરો.
હરિગુરૂ તણા નામ મહિમા ભરેલી;
યશોમહીં પ્રવર સ્મર્ણ સભા ઠરેલી.

ગ્રીવા નમાવી શિરસા ભણુ મહાત્મ તે;
વેત્તા સમર્થ ગુરૂ, પ્રેરક આપ પોતે.
શ્વસન કૃતિ પ્રતિ મહીં ગુણ તેજ ગાઉં;
રહો મતિ અચળ ત્યાંહ નિત્યે હું ચાહું.

લી૦
આપનો શરણાંગત શેવક
નરહરિદાસ પંડિત.

પ્રસ્તાવના.

આ લઘુ ગ્રંથને પ્રસ્તાવનાની જરૂર જણાતી નથી. કારણ કે પુસ્તકમાં જે વિષય લખવામાં આવ્યો છે. તે વેદ, પુરાણ અને શાસ્ત્રમાં સર્વત્ર સુપ્રસિદ્ધ છે. જેજે સાધનો શાસ્ત્ર પુરાણે પ્રસિદ્ધ છે, તે સઘળાં શ્રી હરિના નામમાં નિશ્ચય કરાવનારાં હોઇ તે નામના અનન્ય પ્રેમી થતાં મોક્ષેચ્છુને મોક્ષ આપનારાં છે એમ નિર્માણ થએલું જ છે. નામ મહાત્મ કેવું બળવતર છે ? ? જેણે તે જાણ્યું તે આ ભવસાગર પાર કરવાને સંપૂર્ણ અધિકારી થયો જાણવો ભાગવતમાં કહ્યું છે કેઃ—

सांकेत्यं पारि हास्यंवा स्तोभं हेलन मेववा । वैकुंठ नाम ग्रहणमशेषाघ हरं विदुः ॥ १॥ पातितः स्खलितो भग्नः संदष्ट स्तप्त आहतः । हरि रित्य वशेनाह पुमान्नार्हतियातनाम् ॥२॥ इति भागवते ॥

પુત્રાદિના નામ ઉપરથી (સંકેતથી) મશ્કરીથી, ગાવાના આલાપથી, અથવા ગાળ દેઇને પણ ભગવાનનું નામ લેવાય તો તે નામ સઘળાં પાપોને પળ વારમાં પ્રલય કરે છે. એ શાસ્ત્ર સિદ્ધ છે તેમ પડતાં, ઠેશ વાગતાં હાડકાં ભાગતાં, સર્પ વિગેરે કરડતાં, પરવશની પીડા થતાં, અથવા લાકડી વગેરે વાગતાં પણ જે માણસ ભગવાનનું નામ લેછે તે યમપુરીના કષ્ટ ભોગવવાને યોગ્ય નથી.

શ્રીહરિના નામ વિના આ દુર્ઘટ ભવસાગર તરવાનું બીજું સાધન સમજવું જ નહિ આ ચાલતા મહાન્ કળીકાળમાં સાધન હીન જનોને પરમ કલ્યાણકારક નીવડે અને ચોપાસના પરિતાપથી તપી રહેલા જીવને શાન્તી મળે, એજ આ પુસ્તકનો હેતુ છે. વળી પ્રાર્થના છે કે આ પુસ્તકના ગ્રાહકોએ એક વખત પણ અથથી તે ઇતિ સુધી શ્રદ્ધાયુક્ત વાંચવા તથા મનન કરવા ધ્યાન આપવું; જેથી પ્રસિદ્ધ કર્તાનો શ્રમ સાફલ્ય થાય.

લી. નરહરિદાસના જય શ્રીહરિ.

श्री हरिः

श्री विष्णुस्वामिने नमः

श्री नाम स्मरण सप्ताह् यज्ञ महात्म्यम्

અને

श्री नाम कीर्तन पद्धति.

॥ अथ मंगलाचरणम् ॥

वेदे रामायणे चैव पुराणे भारते तथा ।
आदौ मध्ये तथा चांते हरिः सर्वत्र गीयते ॥ १ ॥

વેદ, રામાયણ, પુરાણ તથા ભારતમાં, આદિ મધ્ય અને અંત્યે સર્વ ઠેકાણે શ્રી હરિ ગવાય છે. ॥ ૧ ॥

॥ ॐ नमो भगवते वासुदेवाय ॥

विधियज्ञाः पाकयज्ञा ये चान्ये बहवो मखाः ।
सर्वे ते जपयज्ञस्य कलां नार्हंति षोडशीम् ॥ २ ॥

बृहत् पाराशरे

વેદ પ્રણિહિત શ્રૌત સ્માર્ત અગ્નિ હોત્રાદિ વિધિ યજ્ઞો, પિતૃપાક (શ્રાદ્ધાદિ) અને અતિથિ ભોજનાદિ પાકયજ્ઞો, અને સ્વાધ્યાય, દ્રવ્ય, તપ, યોગ વગેરે બીજા ઘણા યજ્ઞો, એ સર્વ જપ યજ્ઞની સોળમી કળાને યોગ્ય થતા નથી. ॥ ૨ ॥

मन्त्रत स्तन्त्रत श्छिद्रं देश कालार्ह वस्तुतः ।
सर्वंकरोति निश्छिद्रं नाम संकीर्तनं तव ॥ ३ ॥

श्रीमद् भागवते

મંત્ર, તંત્ર અને દેશ કાલને યોગ્ય વસ્તુથી પણ જે અપૂર્ણ રહે છે, તે સર્વને (હે ! ભગવંત !) તમારા નામનું કીર્તન પરિપૂર્ણ કરે છે.

विष्णो र्गानंच नृत्यंच नटनंच तथैवच ।
सदा ब्राह्मण जातीनां कर्तव्यं नित्य कर्मवत् ॥ ४ ॥
केशवाग्रे नृत्य गीतं यःकरोति कलौ नरः ।
पदे पदेऽश्वमेधस्य फल माप्नोति नित्यशः ॥५॥
नृत्यतां श्रीपते रग्रे कर संस्फोटनादिभिः ॥
उड्डीयंते शरीरस्था महा पातक पक्षिणः ॥६॥ पंचरात्रे.

વિષ્ણુનું ગાન નૃત્ય અને નાટ્ય, એ બ્રાહ્મણ જાતિનું સદૈવ નિત્ય કર્મવત્ કર્તવ્ય છે. ॥ ૪ ॥ કલિયુગમાં જે મનુષ્ય શ્રી કેશવ પરબ્રહ્મ આગળ તેમનું નૃત્ય ગીત કરે છે, તેને ડગલે ડગલે અશ્વમેધનું ફલ નિરંતર થાય છે. ॥ વળી, શ્રીપતિ આગળ એ હાથે તાળી વગાડીને નૃત્ય કરનારના શરીરમાં રહેલાં પાપરૂપી પક્ષિઓ ઉડી જાય છે. ॥ ૬ ॥

नाम्नोऽस्य यावती शक्तिः पाप निर्हरणे हरेः ।
तावत्कर्तुं न शक्नोति पातकं पातकीजनः ॥७॥ पाद्मे.

એ શ્રી હરિના નામની પાપ હરણ કરવામાં એટલી બધી શક્તિ છે કે, તેટલું પાપ કરવાને પાતકી પુરૂષની શક્તિ જ નથી ॥ ૭ ॥

नतावत्पाप मस्तीह यावन्नामा हृतं हरेः ।
अतिरेक भयादाहुः मायाश्चितांतरं वृथा ॥ ८ ॥

महाभारते

શ્રી હરિનું નામ લેવાથી જેટલું પાપ નાશ થાય છે. તેટલું પાપજ પૃથ્વીને વિષે નથીઃ પાપ વધી જવાના ભય થકી બીજાં કહેલાં પ્રાયશ્ચિતો પણ નામના આગળ વ્યર્થજ છે.

नास्ति नास्ति महाभाग कलि काल समं युगम् ॥
स्मरणा त्कीर्तनाद्विष्णोः प्राप्यते परमं पदम् ॥ ९ ॥
लब्ध्वातु मानुषं देहं पंचभूत समन्वितम् ॥
मयि भक्तिं न कुर्वंति ततो दुःखतरंनु किम् ॥ १० ॥

पंचरात्रे.

હે ! મહાભાગ ! કલિયુગ સમાન કોઇ યુગ નથી, કારણ કે કલિયુગમાં વિષ્ણુના સ્મરણ અને કીર્તનથીજ પરમપદ પ્રાપ્ત થાય છે. ॥ ૯ ॥ પંચ ભૂતાત્મક મનુષ્ય દેહ ધારણ કરીને જે મારી ભક્તિ નથી કરતા, તેમને તેનાથી (ભક્તિ વિમુખ પણાથી) બીજું મોટું દુઃખ કયુ ? (અર્થાત ભક્તિ વિમુખ પ્રાણી જેટલા દુઃખી છે. તેટલું દુઃખી અન્ય કોઇ હોતું નથી)

राम नाम्नैव मुक्तिः स्यात् कलौ नान्येन किंचन् ॥ ११ ॥

इति श्रुतौ.

કલિયુગમાં રામનામ વડેજ મુકિત છે, બીજા અન્ય ઉપાયવડે જરા પણ નથી. ॥ ૧૧ ॥

अतीताः पुरुषाः सप्त भविष्याश्च चतुर्दश ।
नरस्तारयते सर्वान्लोके कृष्णेति कीर्तनात् ॥१२॥

સાત પૂર્વના-થઇ ગયેલા-અને હવે પછી થનારા ચૌદ એ સર્વ પુરૂષોને, કૃષ્ણ કીર્તન કરનાર મનુષ્ય, આ લોકમાંથી કીર્તન થકી ઉદ્ધારે છે. ॥ ૧૨ ॥

वेदा स्मृति पुराणानि शास्त्राण्यप्या गमैः सह ।
सर्वं वै वाग्मयं व्यर्थं राधापति स्मृतिं विना ॥१३॥

વેદ (શ્રુતિ) સ્મૃતિ પુરાણ શાસ્ત્ર અને વળી આગમ (તાન્ત્ર) સહ સર્વ વાણી, રાધાપતિ શ્રી કૃષ્ણની સ્મૃતિ વિના હોય તો તે વ્યર્થજ છે. ॥ ૧૩ ॥

दृष्ट्वा प्रसन्नं महदासने हरिंतेचाक्रिरे कीर्तन मग्रत स्तदा ।
भवो भवान्या कमलासनस्तु तत्रागमत्कीर्तन दर्शनाय ॥१४॥
प्रल्हाद स्तालधारी तरल गति तयाचोद्धवः कांस्यधारी ।
वीणाधारी सुरर्षिः स्वर कुशलतया रागकर्त्ताऽर्जुनोऽभूत् ॥
इन्द्रोऽवादीन्मृदङ्गं जय जय सुकराः कीर्तने ते कुमारा
यत्राग्रे भाववक्ता रसाविरचनया व्यास पुत्रो बभूव ॥ १ ॥
ननर्त मध्ये त्रिकमेवं तत्र भक्त्यादिकानां नटवत्सुतेजसाम् ॥
अलौकिकं कीर्तनमेतदीक्ष्य हरिः प्रसन्नोऽपिवचोऽब्रवीत्तत् ।१५॥

इति पाद्मे.

અર્થ—(પદ્મપુરાણમાં શ્રી શુકાચાર્યે ભગવદ્ કથા મહાત્મની મહત્તા દેખાડતાં તે પ્રસંગનું વર્ણન કરી કીર્તનનો આનંદાનુભવ કરાવે છે.) (કથારંભના મંગળવાચક સુવર્ણ સમયે પ્રથમ) પ્રસન્ન થયેલા ભગવાન મ્હોટા આસન ઉપર બિરાજ્યા, એમ જોઇને સભામાં બેઠેલા (પ્રહ્લાદ, ઉદ્ધવ, અર્જુનાદિ) લોકો ભગવાનની આગળ કીર્તન કરવા લાગ્યા; તે વખતે પાર્વતિ સાથે શંકર તથા બ્રહ્મા, ત્યાં આગળ કીર્તન સાંભળવા માટે આવ્યા. કીર્તન કરતી વેળા પ્રહ્લાદજી તાલ દેવા લાગ્યા, ઉદ્ધવ ચંચળ ગતિ વડે કાંસીજોડ વગાડવા લાગ્યા, સુરર્ષિ નારદ વીણા વગાડવા લાગ્યા; સ્વરમાં કુશળ હોવાથી અર્જુન ગાવા લાગ્યો, ઇન્દ્ર મૃદંગ વગાડવા લાગ્યા, સનકાદિક કુમારો કીર્તનમાં "જય જય" એવા શબ્દો પોકારવા લાગ્યા, અને વ્યાસના પુત્ર શુકદેવ રસ આપવા માટે ભાવ કહેવા લાગ્યા. અને તે સભામાં તેજસ્વી ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્ય એ ત્રણે નટતી પેઠે નાચવા લાગ્યાં. આ અલૌકિક કીર્તન જોઇને ભગવાન પ્રસન્ન થયા અને બોલ્યા :

આ પ્રમાણે શ્રી ભગવાનનું કીર્તન એ સર્વ દેવ ઋષિ અને મનુષ્યાદિને ઇષ્ટજ છે. તેથી સર્વ સજ્જનોએ નિ:શંકપણે ભગવાનના કીર્તનમાં આનંદ કરવો જેથી સદૈવ કલ્યાણ બની રહે.

॥ हरिरेव जगज्जगदेव हरिः ॥

પદ.

આગેહી કૃષ્ણ, પીછેહી કૃષ્ણ, જ્યાંહી દેખો ત્યાંહી કૃષ્ણહી કૃષ્ણ.
મનુવા રાધે કૃષ્ણ કહો.— સાધુજી રાધે૦ ટેક. ૧
આકાશહી કૃષ્ણ પાતાલહી કૃષ્ણ, દિશા વિદિશા કૃષ્ણહી કૃષ્ણ.
મનુવા૦ ૨
બ્રાહ્મણહી કૃષ્ણ ક્ષત્રીહી કૃષ્ણ, વૈશ્ય શૂદ્રાદિ કૃષ્ણહી કૃષ્ણ.
મનુવા૦ ૩
બ્રહ્મચારી કૃષ્ણ સંન્યાસીહી કૃષ્ણ, ગૃહસ્થ વાનપ્રસ્થ કૃષ્ણહી કૃષ્ણ.
મનુવા૦ ૪
ગુરૂહી કૃષ્ણ શિષ્યહી કૃષ્ણ, વકતા શ્રોતા કૃષ્ણહી કૃષ્ણ.
મનુવા૦ ૫
જાગ્રતહી કૃષ્ણ સ્વપ્નહી કૃષ્ણ, સુસુપ્તિ તુર્યા કૃષ્ણહી કૃષ્ણ.
મનુવા૦ ૬
સ્વેદજહી કૃષ્ણ અંડજહી કૃષ્ણ, ઉદભીજરાયુ કૃષ્ણહી કૃષ્ણ.
મનુવા૦ ૭
દ્રશ્યહી કૃષ્ણ અદ્રશ્યહી કૃષ્ણ, દ્રશ્યા દ્રશ્યે કૃષ્ણહી કૃષ્ણ
મનુવા૦ ૮
કહત ધનરાશી સુણો સિંહ રાસા, જ્યાંહી દેખો ત્યાંહી કૃષ્ણહી શાખા
મનુવા રાધે કૃષ્ણ કહો, સાધુજી. ૯

શ્રી હરિના નામ સ્મરણની ધ્વનીઓ.

જય જય વિનાયક લંબોદર; જય જય ગણનાયક લંબોદર. ૧

જય જય સવિતા નારાયણ; જય જય સૂર્ય નારાયણ. ૨

જય અંબે, હરિ જય દુર્ગેમા. ૩

હર શિવશંકર મહાદેવા, પાર્વતિ વલ્લભ સદાશિવા;

હર હર શાંબ સદા શિવશાંબ, જય જય શાંબ સદાશિવ શાંબ. ૪

જય જય ગુરૂ મહારાજા ગુરૂ, જય જય પરબ્રહ્મ સદ્‌ગુરૂ. ૫

જય જય ગોવિંદ માધવ ગિરિધારી, જય જય ગોવિંદ માધવ સરસ્વતિ.

જય જય૦ ૬

જય જય તીર્થરાય મહારાજ, જય જય કપીલદેવ મહારાજ. ૭

જયરામ, જય જય રામ, શ્રી રામ, સિતારામ;

જય કૃષ્ણ, જય જય કૃષ્ણ, શ્રી કૃષ્ણ, રાધા કૃષ્ણ. ૮

હરેરામ, હરેરામ, રામ, રામ, હરે હરે;

હરે કૃષ્ણ, હરે કૃષ્ણ, કૃષ્ણ, કૃષ્ણ, હરે હરે. ૯

જય ગોવિંદ, જય ગોપાલ. હરિ જય૦ ૧૦

જય જય વાસુદેવ ગોવિંદ, જય જય નારાયણ ગોવિંદ. ૧૧

નારાયણ નારાયણ જય ગોવિંદ હરે; હરિ ગુરૂ,

નારાયણ નારાયણ જય ગોપાલ હરે. ૧૨

કાલિ મર્દન, કંસ નિકંદન, દેવકીનંદન, તંશરણમ્.

જય દેવકીનંદન, તંશરણમ્. જય યશોદાનંદન,

તંશરણમ્. જયનંદ નંદન તં શરણમ્ ।

જય વસુદેવ સુનૂતંશરણમ્. હરિ કાલિ૦ ૧૩

રાધા ગિરિધર; ગોપી કૃષ્ણ. ૧૪

કૃષ્ણ ! કૃષ્ણ ! કૃષ્ણ ! કૃષ્ણ ! કૃષ્ણ ! કૃષ્ણ !

રાધે ! રાધે ! રાધે ! રાધે ! રાધે ! રાધે !

હરિઃ હરિઃ હરિઃ

અચ્યુતં કેશવં રામ નારાયણં કૃષ્ણ દામોદરં વાસુદેવં હરિમ્ ।
શ્રીધરં માધવં ગોપીકા વલ્લભં જાનકી નાયકં રામચંદ્ર ભજે. ॥૧॥

જાનકી નાયકં રામચંદ્ર ભજે,
જાનકી નાયકં અવધેશં ભજે,
જાનકી નાયકં કૌશલેશં ભજે,
રાધિકા નાયકં કૃષ્ણચંદ્રં ભજે,
રાધિકા નાયકં ગોકુલેશં ભજે,
કુબ્જા નાયકં મથુરેશં ભજે,
રૂકમણી નાયકં દ્વારકેશં ભજે,
રૂકમણી નાયકં વિઠ્ઠલેશં ભજે.

વિઠ્ઠલ ! વિઠ્ઠલ ! વિઠ્ઠલ ! વિઠ્ઠલ ! વિઠ્ઠલ !

હરિ ! હરિ ! હરિ ! હરિ ! હરિ ! હરિ ! હરિ ! હરિ !

સિતાકાંત સ્મરણમ્... ... ...જય જયરામ

પુણ્ડરિક વરદ... ... ...હરિ વિઠ્ઠલ.

દ્વારિકાંપતિ વિંજયોસ્તુ... ... ...જય રણછોડ.

નમ:પાર્વતિ પતયે... ... ...હર હર મહાદેવ. ૧૫

૧ હર ગુરૂ મહાદેવ શંભો કાશી વિશ્વનાથ ગંગા,

૨ જય ગુરૂ મહાદેવ૦ ૩ હર હર મહાદેવ૦ ૪ જય જય મહાદેવ૦ ૫ શિવ ગુરૂ મહાદેવ૦ ૬ શિવ શિવ મહાદેવ૦ ૭ બં. ગુરૂ મહાદેવ ૮ બંબં મહાદેવ૦ ૯ ઊમાપતિ મહાદેવ ૧૦ હર ગુરૂ મહાદેવ૦ ૧૧ કાશીવિશ્વનાથ ગંગા કાશી વિશ્વ૦ હર ગુરૂ૦

જય ગુરૂદેવ ! જયગુરૂદેવ ! શિવ ગુરૂ દેવ, શિવ ગુરૂ દેવ ! હરિહર ગુરૂદેવ ! હરિ હર ગુરૂ દેવ ! ગુરૂદેવ મહારાજકી જય.

અભંગ.

રામ કૃષ્ણ હરિ મુકુંદ મુરારી, મંત્ર હા ઉચ્ચારિ
વેળા વેળા. રામ કૃષ્ણ હરિ. ૧
સકલહી તીર્થે પ્રયાગાદિ કાશી, કરિ તો નામાસી
હા હરિનામ. રામ કૃષ્ણ હરિ. ૨
સમુદ્ર વલીયાંકિત પૃથ્વી કેલીદાન, પરિતય સમાન
હા હરિનામ. રામ કૃષ્ણ હરિ. ૩
તુકામ્હણે એક રામનામ સાર, મ્હણા વારંવાર
હા મંત્ર હાચી. રામ કૃષ્ણ હરિ. ૨

હરિભકત નામની હવની.

નામ દેવ ! તુકારામ,
તુકુબા ! જ્ઞાન દેવ.
જ્ઞાનુબા ! તુકારામ.
એકનાથ ! તુકારામ.
તુકુબા ! સોપાન દેવ.
મુકતાબાઇ. જનાબાઇ.
રામદાસ સમર્થ !
તુકુબા સમર્થ !

અહો બહાગડી, એક નાથાચે ઘરી, કૃષ્ણ દેવ !
કાવડિનીબા પાણી ભરી. અહો૦
પેંપા નરસિંહ, જય ઓડાણા.
ગંગા ! મીહિરા ! કુંવરબાઇ !
કૃષ્ણ ચૈતન્ય પ્રભો ! જય જય નિત્યાનંદ વભો !
જય દેવ ! સુર ! તુલસી ! કબીર.
પુન્ડરી વિઠલ હરિ હરિ; જય જય પુન્ડરી૦
જય જય વિઠુબા રૂકમાઇ, જય જય વિઠુબા૦
રાઈ રૂકમાઇ ચંદ્રભાગા, પંઢરીચા પાન્ડુરંગા
વિઠ્ઠલ હરે ! જય જય વિઠ્ઠલ હરે.
જય જય પાન્ડુ રંગા[1] જય જય પાંન્ડુ રંગા[2]
જય જય પાન્ડુ રંગા[3]...................
વિઠ્ઠલ ! વિઠ્ઠલ ! વિઠ્ઠલ ! વિઠ્ઠલ ! વિઠ્ઠલ !
હરિ ! હરિ ! હરિ ! હરિ ! હરિ ! હરિ !
શ્રીરાધા ગિરિધર પાહીમામ્ ! શ્રી રાધાગિરિધર પાહીમામ્ !
તવ દાસો હમ્ ! તમ દાસો હમ્ !

ગિરિરાય ધરણુ તવ દાસો હમ્
શ્રીકૃષ્ણચંદ્ર તવ દાસો હમ્
તવ ચરણકમલ દ્રઢ ભક્તિ કીયો. ગીરિ૦

શ્રી કૃષ્ણચંદ્ર.

તવ દાસો હમ્ તવ દાસો હમ્
હરિ નામો નમઃ તવદાસો હમ્
ગુરૂ નમો નમઃ તવ દાસો હમ્
શ્રી ગોપાલ કૃષ્ણ મહારાજકી જય.
શ્રી ગીરિરાય ધરણકી જય.
શ્રી રાધિકા રમણકી જય.
જયશ્રી રાધે ! જયશ્રી યદુવીર સમર્થ ! શ્રી ગુરૂદેવ મહારાજકી જય !
શ્રીગોલોક નિવાસી શ્રીકૃષ્ણચંદ્ર મહારાજકી જય.
કૈલાસ નિવાસી શ્રી સાંબ સદાશિવ મહારાજકી જય.
બ્રહ્મલોક નિવાસી શ્રી નારદમુની મહારાજકી જય.
બદ્રિકાશ્રમ નિવાસી શ્રીવ્યાસાચાર્ય મહારાજકી જય.
નર્મદા તટ નિવાસી શ્રી શુકાચાર્ય મહારાજકી જય.
દ્રવિડ દેશ નિવાસી શ્રી વિષ્ણુ સ્વામી મહારાજકી જય.
કૃષ્ણા તટ નિવાસી શ્રી બોહ્વ મંગલેશ્વર મહારાજકી જય
યમુના તટ નિવાસી શ્રી વલ્લભાચાર્ય મહારાજકી જય
ગંડકી તટ નિવાસી શ્રી હયગ્રીવલાલ મહારાજકી જય
ગોમતી તટ નિવાસી શ્રી સ્વયંપ્રકાશાશ્રમ મહારાજકી જય
શ્રી ગીરિનાર નિવાસી શ્રી દત્તગુરૂ મહારાજકી જય.

પદ.

ભાગ્ય બડે જ્યા ઘર સંત પધારે (૨) ટેક.

આવત સંતનકું આદરભાવ દીજે, ચરણ પખાળી ચર્ણામૃત લીજે.
ભાગ્ય બડે. ૧

શ્રી હરિકા ઘર સંતન માંહી, શ્રી હરિ સંતનમેં કછુ અંતરનાહી.
ભાગ્ય બડે. ૨

યહ સંતનહે પર ઉપકારી, શરણ આવે વાકુ લેત ઉગારી.
ભાગ્ય બડે. ૩

કહત કબીર સંત ભલેરે પધારે, જન્મો જન્મ કે કારજ સારે.
ભાગ્ય બડે. ૪

વધારો.

આ નામ સ્મરણની ધ્વનીઓ વિષે આવશ્યક સૂચના.

સ્મરણ કરનારે શાંત હૃદયે મન સ્થિર કરી નામ ધ્વની કરવી; ત્યારે પુસ્તકમાં બતાવેલા શ્લોકમાંથી જે તે ધ્વનીના ધ્યાનનો શ્લોક બોલી સ્મરણની ધ્વની માળાની સંખ્યાના ક્રમે ૧૦૮, ૫૪, ૨૭ અથવા ૧૦ વખત ફરી ફરી ઉચ્ચારણ કરવી તે પછી હરિઃ હરિઃ હરિઃ એમ ત્રણ વખત બોલી શાંતિથી ક્રમાનુસાર બીજી ધ્વની લેવી. તેમાં ઉપરના નિયમથી આનંદ પૂર્ણ બની કીર્તન કરવું. સમગ્ર કીર્તન ઉત્તરોત્તર આ નિયમ સાચવીને કરવું.

अथ श्री कृष्णस्य नमस्कार पद्धतिः ॥ अस्य श्री कृष्णस्य साङ्गस्य सपरिवारस्य सायुधस्य सशक्तिकस्य नमस्कारस्य वेदव्यास ऋषिः ॥ श्री कृष्णपरमात्मा देवता ॥ गायत्री छंदः ॥ क्लींबीजम् ॥ श्री शक्तिः ॥ नमः कीलकम् ॥ श्री कृष्ण प्रीत्यर्थे जपे विनियोगः ॥ अथ न्यासः ॥ वेदव्यास ऋषये नमः शिरसि । गायत्री छंदसे नमः मुखे । श्री कृष्ण परमात्मा देवतायै नमः हृदये ॥ क्लींबीजाय नमः गुह्ये ॥ श्री शक्तये नमः पादयोः । नमः कीलकाय नमः सर्वांगे ॥ इति शिरसादि न्यासः॥ श्री कृष्णेति अङ्गुष्ठाभ्यां हृदयाय नमः॥ श्री वासुदेवेति तर्जनीभ्यां शिरसे स्वाहा । श्री संकरषणेति मध्यामाभ्यां शिखायै वौषट् ॥ श्री प्रद्युम्नेति अनामिकाभ्यां कवचायहुम् ॥ श्री अनिरुद्धेति कनिष्ठिकाभ्यां नेत्रत्रयाय वौषट् । श्री कृष्णवासुदेव संकरषण प्रद्युम्न अनिरुद्धेति करतल पृष्ठाभ्यां अस्त्रायफट् ॥ इति हृद्यंगुष्ठादिन्यासः ॥ अथ ध्यानम् ॥ एकोपि कृष्णस्य कृतः प्रणामो दशाश्वमेधाव भृथेन तुल्यः। दशाश्वमेधी पुनरेति जन्म कृष्ण प्रणामीन पुनर्भवाय ॥ २ ॥ नमस्कार कृतो यज्ञः सर्व यज्ञोत्तमोत्तमः । नमस्कृत्वा महा यज्ञ अश्वमेध फलं लभेत् ॥ २ ॥ प्रणम्य दंडवद्भूमौ

नमस्कारेण योऽर्चयेत् । सयां गतिमवाप्नोति नतांक्रतुशतैरपि ॥ ३ ॥ इति

श्री विनायकाय नमः ॥ १ ॥ श्री सूर्याय नमः ॥ २ ॥ श्री दुर्गायै नमः ॥ ३ ॥ श्री शिवाय नमः ॥४॥ श्री गुरुभ्यो नमः ॥५॥ श्री परमगुरुभ्यो नमः ॥६॥ श्री परात्पर गुरुभ्यो नमः ॥७॥ श्री परमेष्टि गुरुभ्यो नमः ॥८॥ श्री अस्मद् गुरु· भ्यो नमः ॥९॥ श्री मातृपितृ चरणकमलेभ्यो नमः ॥ १० ॥ श्री विष्णु पंचायतनेभ्यो नमः ॥ ११ ॥ श्री कुल देवताभ्यो नमः ॥१२॥ श्री ग्राम देवताभ्यो नमः ॥१३॥ श्री स्थान देवता भ्यो नमः ॥ १४ ॥ श्री इष्ट देवताभ्यो नमः ॥ १५ ॥ श्री सर्वेभ्यो देवेभ्यो नमः ॥१६॥ श्री सर्वेभ्यो ब्राह्मणेभ्यो नमः ॥१७॥ श्री सर्वेभ्यो वैष्णवेभ्योनमः ॥१८॥ श्री राधागिरि-धराय नमः ॥१९॥ श्री केशवाय नमः ॥२०॥ श्री नारायणाय नमः ॥२१॥ श्री माधवाय नमः ॥२२॥ श्री गोविंदाय नमः ॥२३॥ श्री विष्णवे नमः ॥२४॥ श्री मधुसूदनाय नमः ॥२५॥ श्री त्रिविक्राय नमः ॥२६॥ श्री वामनाय नमः ॥ २७ ॥ श्री श्रीधराय नमः ॥ २८ ॥ श्री हृषीकेशाय नमः ॥ २९ ॥ श्री पद्मनाभाय नमः ॥३०॥ श्री दामोदराय नमः ॥ ३१ ॥ श्री संकर्षणाय नमः ॥३२॥ श्री वासुदेवाय नमः ॥ ३३ ॥ श्री

प्रद्युम्नाय नमः ॥ ३४ ॥ श्री अनिरुद्धाय नमः ॥ ३५ ॥ श्री पुरुषोत्तमाय नमः ॥३६॥ श्री अधोक्षजाय नमः ॥ ३७॥ श्री नारसिंहाय नमः ॥३८॥ श्री अच्युताय नमः ॥ ३९ ॥ श्री जनार्दनाय नमः ॥४०॥ श्री उपेन्द्राय नमः ॥४१॥ श्री हरये नमः ॥४२॥ श्री कृष्णाय नमः ॥४३॥ श्री प्रह्लादादि भागवतेभ्यो नमः ॥४४॥ श्री शुकादि परम र्षिभ्यो नमः ॥४५॥ श्री नारदादिमह र्षिभ्यो नमः ॥ ४६ ॥ श्री सनकादि मनुष्येभ्यो नमः ॥४७॥ श्री धेन्वादि गोगणेभ्यो नमः ॥४८॥ श्री श्रीदामादि गोपगणेभ्यो नमः ॥ ४९ ॥ श्री ललितादि गोपीगणेभ्यो नमः ॥५०॥ श्री सुदर्शनादि आयुधेभ्यो नमः ॥५१॥ श्री कौस्तुभादि आभूषणेभ्यो नमः॥५२॥ श्री गरुडादि वाहनेभ्यो नमः ॥ ५३ ॥ श्री जय विजयादि पार्षदेभ्यो नमः ॥ ६४ ॥

नमो स्त्वनंताय सहस्र मूर्तये
सहस्र पादा क्षिशिरोरु बाहवे ॥
सहस्र नाम्ने पुरुषाय शाश्वते
सहस्र कोटि युग धारिणे नमः ॥१॥

श्री हरिः

स्मरण कीर्तनमां नामध्वनी करतां प्रसंगे प्रसंगे बोलवाना ध्यानादि श्लोको.

આ સ્થળે પ્રથમ મંગલાચરણુ કરી ત્યાર પછી શ્લોકો આપ્યા છે, તે ધ્વનીઓના ક્રમપર લક્ષ રાખીને, અમુક ધ્વનીના અમુક શ્લોક નીચે ધ્વનીનો અનુક્રમ આંક દર્શાવી. બીજી ધ્વનીના બીજા શ્લોક અને નીચે ધ્વનીનો ક્રમ આપી, ઉત્તરોત્તર ધ્યાન આવાહન અને મહાત્મના શ્લોકો આપ્યા છે, તેને મુખ પાઠ કરી જે તે ધ્વ-નીની પૂર્વે શ્લોકસહ કીર્તન કરવું.

॥ अथ मंगलाचरणम् ॥

मंगलं भगवान् विष्णु मंगलं गरुडध्वजः ।
मंगलं पुण्डरिकाक्षो मंगलाऽयतनो हरिः ॥ १ ॥

सर्व मंगल मांगल्ये शिवे सर्वार्थ साधिके ।
शरण्ये त्र्यंबके गौरि नारायणि नमोऽस्तुते ॥ २ ॥

॥ अथ गणपत्यावाहनपूर्वक ध्यानम् ॥

आवाहयेत्तं गणराजदेवं रक्तोत्पलाभासमशेषवंद्यम् ।
विघ्नांतकं विघ्नहरं गणेशं भजामिरौद्रं सहितं च सिद्ध्या ॥३॥

ध्यायेन्नित्यं गणेशं परमगुणयुतं ध्यान संस्थं त्रिनेत्र ।
मेकंदेवं त्वनेकं परमसुखयुतं देव देवं प्रसन्नम् ॥
शुंडादंडाढ्य गंडोद्गलित मदजलोल्लाले मत्तालिनालम् ।

श्रीमंतं विघ्नराजं सकल सुखकरं श्री गणेशं नमामि ॥ ४ ॥

ध्वनी अंक १

॥ अथ सूर्य ध्यानम् ॥

ध्येयः सदा सवितृमंडलमध्यवर्ती । नारायणः सरसिजासन सन्निविष्टः ॥ केयूरवान्मकरकुण्डलवान् किरीटी । हारीहिरण्मयवपुर्धृतशंखचक्रः ॥ ५ ॥ ध्वनी अंक २

॥ अथ देवी ध्यानम् ॥

याकुंदेंदुतुषारहारधवला या शुभ्रवस्त्रावृता ।
या वीणावरदंडमंडितकरा याश्वेत पद्मासना ॥
या ब्रह्माच्युतशंकरप्रभृतिभिर्देवैः सदा वंदिता ।
सामां पातु सरस्वती भगवती निःशेषजाड्यापहा ॥ ६ ॥

ध्वनी अंक ३

॥ अथ शंकर ध्यानम् ॥

ध्याये न्नित्यं महेशं रजतगिरिनिभं चारुचंद्रावतंसम् ।
रत्नाकल्पोज्वलांगं परशुमृगवराभीतिहस्तं प्रसन्नम् ॥
पद्मासीनं समंतात्स्तुतममरगणैर्व्याघ्रकृत्तिं वसानम् ।
विश्वाद्यं विश्ववंद्यं निखिलभयहरं पंचवक्त्रं त्रिनेत्रम् ॥ ७ ॥

ध्वनी अंक ४

॥ अथ गुरुध्यानम् ॥

गुरुर्ब्रह्मा गुरुर्विष्णु र्गुरुर्देवो महेश्वरः ।
गुरुःसाक्षात्परब्रह्म तस्मै श्री गुरवे नमः ॥ ८ ॥
अज्ञानतिमिरांधस्य ज्ञानांजनशलाकया ।
चक्षुरुन्मीलितं येन तस्मै श्री गुरवे नमः ॥ ९ ॥
अखंड मंडलाकारं व्याप्तं ये नचराचरम् ।
तत्पदं दर्शितंयेन तस्मै श्री गुरवे नमः ॥ १० ॥
आनंद मानंदकरं प्रसन्नं ज्ञानस्वरूपं निजबोधरूपम् ।
योगींद्रमीडयं भवरोगवैद्यं श्रीमद् गुरुं नित्यमहं नमामि ॥११॥
गुरुरेव शिवः साक्षात् शिव एव स्वयं गुरुः
तस्मादहं नमस्कुर्वे इष्टदेव स्वरूपिणेः ॥ १२ ॥

ध्वनी अंक ५

॥ अथ इष्ट श्री गोविन्दमाधव ध्यानम् ॥

ध्येयं सदा परिभवघ्न मभीष्टदोहं तीर्थास्पदं शिवविरञ्चिनुतंशरण्यम्
भृत्यार्तिहं प्रणतपालभवाब्धिपोतं वन्दे महापुरुषते चरणार-
विन्दम् ॥ १३ ॥

बालं नीलांबुजाभमतिशय रुचिरं स्मेरवक्त्रां बुजंतम् ।
ब्रह्मेशानंतधर्मैः काति काति दिवसैः स्तूयमानं परंयत् ॥
ध्यानाभ्साध्यं ऋषीन्द्रै र्मुनिगण मनुजैः सिद्धसंघै रसाध्यम् ।

योगीन्द्राणा मचिंत्य मतिशय मतुलंसाक्षिरूपं भजेहम् ॥१४॥

सजल जलद नीलं दर्शितो दार शीलं ।
करतल धृत शैलं वेणु वाद्ये रसालम् ॥
व्रजजन कुल पालं कामिनी केलिलोलं ।
तरुण तुलसि मालं नौमि गोपाल बालम् ॥ १५ ॥

नवीन नीरद श्यामं नीलेंदीवर लोचनम् ।
बल्लवी नंदनं वंदे कृष्णं गोपाल रूपिणम् ॥ १६ ॥

फुल्लेंदीवर कांति मिंदु वदनं बर्हावतं सप्रियं ॥ श्रीवत्सांक मुदार कौस्तुभ धरं पीतांबरं सुंदरम् ॥ गोपीनां नयनो त्पलार्चिततनुं । गोगोपसंघावृतं गोविंदं कलवेणुवा दनपरं दिव्यांग भूषं भजे ॥ १७ ॥

कस्तूरी तिलकं ललाट पटले वक्षस्स्थले कौस्तुभं
नासाग्रेवरमौक्तिकं करतले वेणुःकरे कंकणम् ॥
सर्वांगे हरिचंदनं सुललितं कंठे च मुक्तावलि
गोपस्त्रीपरिवेष्ठितो विजयते गोपालचूडामणिः ॥ १८ ॥

ध्वनी अं. ६

अथ श्री कपिल ध्यानम्

परं प्रधानं पुरुषं महान्तं कालं कविं त्रिवृतं लोक पालम् ॥

आत्मानु भूत्याऽनुगत प्रपञ्चं स्वच्छन्द शक्ति कपिलं प्रपद्ये।१९।
तंत्वा महं ब्रह्म परं पुमांसं प्रत्यक्स्त्रोतस्या त्मानि संविभाव्यम्॥
स्वतेजसा ध्वस्त गुण प्रवाहं वन्दे विष्णुं कपिलं वेदगर्भम्।२०।
ध्वनी अं. ७

कथ राम कृष्ण महात्म्यम्

राम रामेति रामेति रमे रामे मनोरमे ।
सहस्त्र नाम तत्तुल्यं राम नाम वरानने ॥ २१ ॥
कृष्णेति मंगलं नाम यस्य वाचि प्रवर्तते
भस्मीभवाति तस्याशु महापातककोटयः ॥ २२ ॥
ध्वनी अं. ८

॥ अथ श्री हरिनाम महात्म्यम् ॥

हरिर्हराति पापानि दुष्ट चित्तैरपि स्मृतः ॥
अनिच्छयाऽपि संस्पृष्टो दहत्येवहि पावकः ॥ २३ ॥
ध्वनी अंक ९

॥ अथ श्री गोविंदनाम महात्म्यम् ॥

गो कोटिदानं ग्रहणेषु काशी प्रयाग गंगाऽयुत कल्पवासः ।
यज्ञायुतं मेरु सुवर्णदानं गोविंदनाम्ना न कदापि तुल्यम् २४
ध्वनी अंक १०

॥ अथ श्री वासुदेव नाम महात्म्यहम् ॥

न वासुदेवात्परमस्ति मंगलं न वासुदेवात्परमस्ति पावनम्
न वासुदेवात्परमस्ति दैवतं तं वासुदेवं प्रणमन्न सीदति ।२५।
ध्वनी अंक ११

॥ अथ श्री नारायण नाम महात्म्यहम् ॥

नारायणपरं ब्रह्म नारायणपरं तपः ।
नारायणपरं चेदं सर्वं नारायणात्मकम् ॥ २६ ॥
ध्वनी अंक १२

॥ अथ श्री कृष्ण नाम महात्म्यम् ॥

तावद्भवति मे दुःखं चिंता संसारसागरे ॥
यावत्कमलपत्राक्षं न स्मरामि जनार्दनम् ॥ २७ ॥
ध्वनी अंक १३

॥ अथ श्री राधाकृष्ण स्मरणम् ॥

नमामि राधापति पादपल्लवं । वदामि राधापति नाम निर्मलम् ॥ भजामि राधापति तत्त्वमक्रियं । करोमि राधापति सेवनं मुदा ॥ २८ ॥ ध्वनी अंक १४

॥ अथ प्रार्थना ॥

(अच्युतं केशवंना पूर्वे बोलवाना श्लोको)

हे कृष्ण जगतां नाथ नाथनाहं जगद्बहिः ।
त्वमेव जगतां पाता मां न पासि कथं प्रभो ॥ २९ ॥
हे कृष्ण जगतां नाथ भक्तानां भय भंजन ।
प्रसन्नोभव मामीश देहि दास्यं पदां बुजे ॥ ३० ॥
हे कृष्ण राधिकानाथ करुणासागर प्रभो ।
संसार सागरे घोरे मामुद्धर भयानके ॥ ३१ ॥
शत जन्म कृता यासा दुद्विग्नस्य मम प्रभो ।
स्वकर्म पाश निगडै र्बद्धस्य मोक्षणं कुरु ॥ ३२ ॥
प्रणतं पाद पद्मे ते पश्यमां शरणागतम् ।
भवपाश भयाद्भीतं पाहि त्वं शरणागतम् ॥ ३३ ॥
भक्तिहीनं क्रियाहीनं विधिहीनं च वेदतः ।
वस्तु मंत्र विहीनं यत्तत् संपूर्ण कुरु प्रभो ॥ ३४ ॥
वेदोक्त विहिताऽज्ञानात्स्वांग हीनेच कर्मणि
त्वन्नामो च्चरणे नैव सर्वं पूर्णं भवेद्धरे ॥ ३५ ॥
रामनारायणानंत मुकुंद मधुसूदन ।
कृष्ण केशव कंसारे हरे वैकुंठ वामन ॥ ३६ ॥

अथार्पण विधि.

इति विद्या तपो योनि रयोनि र्विष्णु रीडितः ॥
वाग्यज्ञेना र्चितो देवः प्रीयतां मे जनार्दनः ॥

अपराध क्षमापन

अपराध सहस्त्राणि क्रियंतेऽहर्निशं मया ।
दासोऽय मितिमां ज्ञात्वा क्षमस्व परमेश्वर ॥

श्री हरिः

॥ अथ श्रीकृष्ण आरति ॥

जय देव जय देव वन्दे गोपालम् । प्रभु वन्दे ,
मृग मद तिलकित भालं करुणा कल्लोलम् जयदेव०
निर्गुण सगुणाकारं संहृत भूभारम् २
मुरहर नंदकुमारं मुनिजन सुखकारम् ॥
वृन्दावन संचारं कौस्तुभ मणिहारम् । २
करुणा पारावारं गोवर्धन धारम् ॥ जयदेव०
कंबुग्रीवा गुंजा तुलसी वनमालम् । २
श्री वच्छांकित वक्षं लंबित श्री कमलम् ॥
बाहु विभूषित वेणुं कर घृत दधि कवलम् । २
त्रिवलित शोभित जठरं जलधर वरनीलम् ॥ जयदेव०

कुंचित कुंतल रम्यं सुंदर मुख कमलम् । २
बिंबाधर माति सुंदर नासा मणि लोलम् ॥
मणिगण मंडल कुण्डल राजित श्रुतिमूलम् । २
विकचें दीवर नयनें विलसत् भ्रूयुगलम् ॥ जयदेव०

मुरली वादन शीलं सप्त स्वर गीतम् । २
जलचर वनचर खेचर भूचर हृत चित्तम् ॥
स्थंभित यमुना तोयं अगणित सच्चरितम् । २
गोपीनां मनमोहन रूपं श्रीकान्तम् ॥ जयदेव०

रासक्रीडा मंडल वेष्टित व्रज ललनम् । २
तांडव नर्तन संगीत मोहित रति मंदनम् ॥
कुसुमा कर राकापति युतवन कृत शयनम् । २
कालियफणिवरदमनं पक्षीश्वर गमनम् ॥ जयदेव०

किंकिणि मेखल मध्यं पीताम्बर वसनम् । २
नूपुर कोमल संचित विलासित पद नलिनम् ॥
गोगोपी परिवेष्टित यमुना तट सदनम् । २
व्यासा भयदं सुखदं भुवन त्रय भुवनम् ॥ जयदेव०

श्रीहरिर्जयति.

શ્રી હરિની આરતી.

જય દેવ જય દેવ, જય રાધા રમણા પ્રભુ જય રાધા રમણા;
જય ગોપીજન વલ્લભ (૨), દુઃખ સકલ શમના;
જય દેવ જય દેવ. ટેક. ૧

જય જય કુંજવિહારી, જય ગોકુલરાયા પ્રભુ જય ગોકુલરાયા;
વ્રજવિધુ રાસવિહારી (૨), નિજજન સુખ દાયા;
જય દેવ જય દેવ. ૨

જય વૃંદાવન વાસી, જય જય ગિરિધારી પ્રભુ જય જય ગિરિધારી
ગોપીજન મનરંજન (૨), જય મુરલી ધારી;
જય દેવ જય દેવ. ૩

જય જય દેવકી નંદન, જય મથુરાધીશા પ્રભુ જય મથુરાધીશા;
નંદ યશોદા નંદા (૨), જય જય જગદીશા,
જય દેવ જય દેવ. ૪

જય જય કંસ નિકંદન, દાનવ કુલ દલના પ્રભુ દાનવ કુલ દલના;
ભક્ત જન પ્રતિપાલક (૨), જય દુર્જન છલના;
જય દેવ જય દેવ. ૫

જય સુંદર સ્યામળિયા, પીતાંબર ધારી, પ્રભુ પીતાંબર ધારી;
મોર મુકુટ શિર શોભે (૨), અતિ મંગળ કારી;
જય દેવ જય દેવ. ૬

કર્ણ વિષે શુભ કુંડલ, મકરાકૃતિ શોભે; પ્રભુ મકરાકૃતિ શોભે;

નાસાગ્રે મુકતાફળ (૨) જોતાં મન લોભે.
જય દેવ જય દેવ. ૭

હૃદયે કૌસ્તુભ ઝળકે, મણિ મુકતામાળા; પ્રભુ મણિમુક્તામાળા
બાંહે બાજુ બિરાજે (૨), અતિશય તેજાળા;
જય દેવ જય દેવ. ૮

કટિયે કિંકિણિ રણુકે, નૂપુર ચરણ વિષે; પ્રભુ નુપુર ચરણ વિષે;
મણિ બધે મણિ ભૂષણ, મણિ બંધે મણિ કંકણ અતિ સુંદર દીસે,
જય દેવ જય દેવ. ૯

ભાલે તિલક વિશાળ, શોભે મૃગ મુદનું, પ્રભુ કેસર મૃગ મદનું;
વન માળા પર ગુંજે (૨), ટોળું ષટ પદનું,
જય દેવ જય દેવ. ૧૦

હસિત વદન કરી ઉભા, મુજ સામું જોઇ પ્રભુ મુજ સામું જોઈ;
કૃપા કટાક્ષે દુખડાં (૨), સહુ નાખ્યાં ખોઇ;
જય દેવ જય દેવ. ૧૧

એવા હરિ નિરખી મેં લ્હાવો સર્વ લહ્યો, પ્રભુ લ્હાવો સર્વ લહ્યો;
પ્રપંચ આશા છુટી (૨) ભવ ભય ભસ્મ થયો,
જય દેવ જય દેવ. ૧૨

હવે વિનંતી એટલી, શ્રીહરિ તવ ચરણે પ્રભુ શ્રીહરિ તવ ચરણે;
મુને નિરંતર રાખો (૨] દાસ કરી શરણે;
જય દેવ જય દેવ. ૧૩

હાથ ગૃહિ તરછોડો, તો નિજ બિદ હારો પ્રભુ તો નિજ બિદ હારો;
જેવો ગણુશો તેવો (૨) હું પણ ઉદ્ધારો,
જય દેવ જય દેવ. ૧૪

એવી હરિની આરતિ જે હેતે ગાશે, પ્રભુ જે પ્રીતે ગાશે;
હરજીવન પ્રભુ તેને (૨], પ્રેમા મૃત પાશે;
જય દેવ જય દેવ. ૧૫

જય દેવ જય દેવ, જય રાધા રમણા, પ્રભુ જય રાધા રમણા;
જય ગોપીજન વલ્લભ, (૨), દુઃખ સકલ શમના;
જય દેવ જય દેવ. ૧૬

ઇતિ શ્રી હરિદાસ હરજીવન વિરચિત શ્રી ભગવત્પ્રાર્થનારતિ સંપૂર્ણ, શ્રી કૃષ્ણાર્પણ મસ્તુ.

સમાપ્ત

३२

શ્રી

હરિઃ ૐ

અમુલ્ય અવશર અને અલભ્ય લાભ.

વહેલો તે પહેલો. જલદી નામ નોંધાવો.

ભકિત રસાયન.

મોક્ષમાર્ગ મેળવવાના અત્યુત્તમ સાધન રૂપ.

માસિક.

ચાલુ વર્ષની શ્રાવણ સુદી ૧૫ થી પ્રતિમાસની પુર્ણીમાએ પ્રકાશીત થઇ જન સહવાશમાં આવશે.

વાર્ષિક લવાજમ માત્ર રૂ. ૧-૮-૦

સ્માર્ત વૈષ્ણવ ભકત મંડળ સિદ્ધપુર તરફથી.

તંત્રી.

ડાકટર બી. આઇ. રાજગોર.

શ્રી રણછોડજીના મંદીર સામે.

વડોદરા.

શ્રી

नाम स्मरण नियमो.

૧ કીર્તનમાં નામ સ્મરણ કરનાર વૈષ્ણવે ઉર્ધ્વપુન્ડ્ર અને મુદ્રા ધારણ કરીને મંડપમાં પ્રવર્ત થવું, ત્યારે પ્રથમ શ્રીહરિને દંડવત પડી, શ્રી ગુરૂ ઇષ્ટનું ધ્યાન કરી, મંડપના મધ્યમાં જ્યાં વેદ શાસ્ત્ર અને સમગ્ર બ્રહ્મ વિદ્યાની ભાવના કરી શ્રીમદ્‌ભાગવતની સ્થાપના કરવામાં આવે છે, તથા સમગ્ર ગંગાદિ તીર્થોના આવાહન સાથે પારશદ, રૂષિઓ, અને ભક્તોનું આવાહન કરી કુંભની સ્થાપના કરવામાં આવે છે, તથા સૂર્યાદિ તેત્રીશ કોટિ દેવતાનું આવાહન કરી અખંડ દીપ સ્થાપન થાય છે, ત્યાં શુદ્ધ ભાવનાથી તેમની પ્રદક્ષણા કરતાં કરતાં એક ધારાથી નામધ્વની કરવી.

૨ કીર્તનના અધિકારીએ નીચેના દોષ પ્રયત્નથી ત્યાગ કરવા.

૧ સંત, વૈષ્ણવ, અને બ્રાહ્મણની નિંદા કરવી નહિ.

૨ શિવ, વિષ્ણુમાં અભેદ બુદ્ધિ રાખવી, તથા તેમના સ્મરણમાં વાદવિવાદ કરવો નહિ.

૩ વેદ, શાસ્ત્ર અને પુરાણ વિષે સંપૂર્ણ શ્રદ્ધા રાખવી.

૪ ગુરૂ વિષે મનુષ્ય બુદ્ધિ કરવી નહિ; તેમનું વાક્ય વિશ્વાસ પૂર્વક પાલન કરવું.

૫ નામ મહાત્મની નાસ્તિક મનુષ્યો આગળ પ્રશંસા કરવી નહિ, તથા અનઅધિકારી સાથે ભગવદ્ સંબંધી વાર્તા-

લાપ કરવો નહિ.

૬ ભગવદ્ નામ અને મંત્ર વિષે શબ્દ સામાન્ય બુદ્ધિ કરવી નહિ. નામ મંત્રની મહત્તા સર્વ ધર્મમાં શ્રેષ્ઠ છે.

૭ શાસ્ત્ર વિરૂદ્ધાચરણ (કાયિકપાપ,—ચોરી જારી અને હિંસા— વાચિકપાપ,—જુઠ કઠોરતા ચાડી અને નિંદા;—માનસીકપાપ, —દોષ ચિંતવન અને તૃષ્ણા;—ઇત્યાદિ પાપાચરણ) કરવું નહિ.

૮ પોતપોતાના વર્ણાશ્રમ ધર્માનુંસાર નિત્ય કર્માદિ નિરંતર કરવું, તેમાં બ્રાહ્મણોએ ષટ્કર્મ કદાપિ ચુકવું નહિ.

૩ શ્રી સમાજ યજ્ઞમાં નિમંત્રણ થયા પછી, તે વરૂણ કરેલો રૂત્વીજ થાય છે. તેથી તેણે ક્ષમા દયા, ધૈર્ય, શાંતિ, સંતોષ, નમ્રતા, પ્રીતિ, ભકિત સમતા, વિવેક, બ્રહ્મચર્ય, સેવા, સ્મરણ અને સજ્જનતા સબંધી ઉત્તમગુણ ધારણ કરી કામ ક્રોધ, લોભ, મોહાદિનો ત્યાગ કરી પ્રમાદ રહિત કીર્તન કરવું.

૪ ધ્વનીમાં નામોચ્ચારણ અતિ પ્રિતથી, મીઠાસ્વર યુકત, પદ્ધત પ્રમાણે તાલસુર તોડયા વિના ખંત રાખીને કરવું.

૫ કીર્તન કરનારે પોતાનું કીર્તન સમાપ્ત થાય ત્યાં સુધી, મંડપમાં ચાલતી ધ્વની સિવાય કોઇ પણ પ્રકારનો અન્ય આલાપ કરવો નહિ.

૬ કીર્તન પ્રસંગે જ્યારે જ્યારે લઘુશંકાએ જવું પડે, ત્યારે ત્યારે જળ લઇને જવું. ત્યારપછી હાથપગ ધોઇ આચમન કરી નિર્વિઘ્ન એ કીર્તનમાં લાગવું. શૌચ ગએલાએ સ્નાન કીધાવિના કીર્તનમાં ઉભા રહેવું નહિ.

૭ આજ્ઞા વિના કીર્તન કરનારે નીચે બેસવું નહિ, ફરતાં, ફરતાં એક બીજાના અંગને અથડાવું નહિ, અને ધ્વની કરતાં મંડળીથી તુટક થઇ મંડપમાં આઘાપાછા રઝળવું નહિ.

૮ કીર્તન કરનાર ભકત નામમંત્રના ધ્વનીથી પોતાના પાપરૂપ પુંજની, આહૂતિ આપતાં નિષ્પાપ થાય છે. આ રહસ્યને ભૂલી જઇ કોઇ કિર્તનમાં પ્રમાદ કરે, તો તેણે નિચેની કલમ ૯ પ્રમાણે પ્રાયશ્ચિત કરવું.

૯ કીર્તનનના સમયમાં પા કલાક સ્મરણ ચુકે તેને એક વિષ્ણું સહસ્રનો પાઠ; તે ન આવડે તેને વીસ દંડવત્, અને એ બે ગણુ ન કરી શકે તેણે મુળમંત્રની તેટલાજ કલાક પ્રમાણે માળાઓ વિગેરે; સ્મરણના સમય પછી કરી લેવું, તેમાં કસુર કરે તેને વધુ પ્રાયશ્ચિત કરવું પડશે, વધારે વિલંબ માટે તેજ નિયમથી વધારે વધારે સમજવું.

૧૦ શ્રી હરિ સ્મરણમાં ધ્વની ઉપરાંત ભકિત સબંધી પદો ગાવાની ઇચ્છા થાય તેણે મહાન્ ભકતો નરસીંહ મહેતા, મીરાંબાઇ, તુલસીદાસ, કબીર, તુકારામ, રામદાસ, ઇત્યાદિ, અને સંપ્રદાયાનુંસાર હરિ શરણાંગત થયેલા ભકતોનાં પદ સુકંઠથી પદ્ધતસર ગાવાં.

૧૧ કીર્તન માટે નિમંત્રણ થયા પછી. કદાપી વૃદ્ધા શૌચ તથા મૃતા શૌચ પ્રાપ્ત થયું હોય તો તેણે સ્મરણથી વિરામ પામ્યા વિના પ્રદક્ષણા ન ફરતાં મંડપમાં એકાંત ખુણે ઉભા રહી ચાલતી ધ્વની અનુસાર એકાગ્ર ચિત્તે સ્મરણ કરવું; પણ સ્મરણનો લાભ ચુકવો નહિ.

૧૨ કીર્તન કરનારે નિમંત્રણ થયા પછી પોતાના, નામસ્મરણના સમયમાં (વારીમાં) બરાબર હાજર રહેવું. પ્રસંગવસાત સતત રીતે ત્રણથી વધારે વખત નહિ અવાય તો તેણે તરત પોતાને બદલે બીજા માણસનું નામ નોંધાવવું.

૧૩ કીર્તનમાં જ્યારે સ્ત્રી વર્ગ ઉમંગથી ભાગ લે, ત્યારે પુરૂષ વર્ગે મંડપમાં અલગ ઉભા રહીને માત્ર સ્મરણ કર્યા કરવું. પુરૂષ વર્ગના સ્મરણમાં સ્ત્રી વર્ગે વચ્ચે ફરવું નહિ.

૧૪ કીર્તનની કેટલીક મુકરર ધ્વનીઓ આ પુસ્તકમાં આપવામાં આવી છે. તેથી બને ત્યાં સુધી તેજ ધ્વનીઓ ઉચ્ચારણ કરવી, ધ્વની એકજણ બોલાવે અને તદનુંસાર બાકીનાએ બોલવી.

૧૫ દરેક વૈષ્ણવે સ્મરણમાં રાખવું કે—જ્યારે શ્રીહરિ ટેરામાં બીરાજ્યા હોય ત્યારે સેવા કરનારની આજ્ઞા વીના અંદર પ્રવેશ કરવો નહિ, તથા ટેરો ઉપાડી અંદર નિરક્ષણ કરવું નહિ.

૧૬ ભગદ્ સેવાની જલાદિ સર્વ સામગ્રીમાંથા, કોઇ વસ્તુ પોતાના ઉપયોગમાં લેવી નહિ, તેમાં કોઇ પ્રકારની દુષ્ટ ભાવના કરવી નહિ, અને તેને શુદ્ધ કરવામાં અપભ્રંશ બોલવું નહિ.

૧૭ શ્રી ગુરૂની સેવામાં પોતાનાથી બનતા પ્રયત્ને તત્પર રહેવું, તથા તેમના પ્રત્યેના વિનયમાં પ્રમાદથી પણ ભુલ આવવા દેવી નહિ, શિષ્યના ગુરૂ પ્રત્યે જે ધર્મ છે, તે બને તેટલી રીતે જાણી તે પ્રમાણેજ આચરણ રાખવું.

૧૮ ભગવદને સામગ્રી નિવેદન કર્યા પછી, તે મહાપ્રસાદ થયલો

રા[illegible]કર્યા વિના પૃથ્વી ઉપર મુકવો નહિ, તથા [illegible]વો નહિ.

૧૯ પ્રસા[illegible]ની બ્રાહ્મણ પંક્તિમાં તથા તે શિવાયની પ્રથક પ[illegible]ના તેમના પ્રથક પ્રથક પીરસનારે પ્રત્યેક પદાર્થનું નામ મહાપ્રસાદ જોડીને હરિહરિ કહી પીરસવું. પ્રસાદનો સ્વીકાર હરિહરિ ઉચ્ચારથી છે અને નારાયણ ઉચ્ચારણ કરે ત્યાં તે પ્રસાદ પીરસવો નહિ.

૨૦ ભગવદ્ નૈવેધ વખતે વૈશ્વદેવ તથા પંક્તિમાં પ્રસાદ પીરસનાં પુરૂષ સુકતનો પાઠ અવશ્ય કરવો.

૨૧ જ્યારે જ્યારે સ્મરણયજ્ઞ આરંભ કરવાંમાં આવે ત્યારે સર્વ વૈષ્ણવોએ આરંભોચ્છવ અને સાત દીવસે સ્મરણ યજ્ઞ પુરો થાય ત્યારે સમાપ્તોચ્છવ વખતે એક સાથે હાજર રહી તે વખતનો લાભ લેવા ક્ષણ પણ ચુકવું નહિ.

ઉપરના એકવીશ નિયમોને ગુરૂ કૃપાના જીજ્ઞાસુએ તન મનથી પાળવા.

श्रीहरि

જાહેર ખબર.

॥ भक्तिः प्रासिद्धा भव मोक्षणाय ॥

આ અસાર સંસારમાં સારરૂપ કેવળ શ્રી હરિની ભક્તિજ છે. તે પૂર્વ જન્મના કેવા કેવા યોગથી પ્રાપ્ત થાય છે; અને પ્રાપ્ત થઇ કેવાં કેવાં સુખોને આપે છે તે સર્વથા સિદ્ધ છેઃ છતાં પ્રમાણ જુઓ–

दान व्रत तपो होम जप स्वाध्याय संयमैः ॥ श्रेयोभि र्विविधैश्चाऽन्यैः कृष्णे भक्तिर्हि साध्यतेः ॥ १ ॥ इति भागवते॥ जन्मांन्तर सहस्त्रेषु तपोध्यान समाधिभिः॥ नराणां क्षीण पापानां कृष्णे भक्तिः प्रजायतेः ॥ २ ॥ इति महाभारते ॥ व जन्मनामंते ज्ञानवानमां प्रपद्यते ॥ ३ ॥ इति भगवद्गीताया

ઇ પ્રમાણે ભક્તિ હજારો જન્માંતરે તપ, ધ્યાન, સમાધિવડે પાપ ક્ષીણ થયેલા મનુષ્યને વ્રત, દાન, તપાદિશ્રેયોવડે પ્રાપ્ત થાય છે, કે બહુ જન્મના અંતે જ્ઞાનવાનને પ્રાપ્ત થાય છે. એવી ભક્તિને દૃઢ સત્સમાગમ અને સત્સાધનોથી પુષ્ટ કરતા જવું જોઇએઃ નહીતો આ કલિકાળના વિષમ વેગમાં સહેજ ધસડાઈ જવાય છે. ભક્તિ રહસ્યના ઘણા ઘણા ગ્રંથો છે, તેમાંના રહસ્યના જીજ્ઞાસુને તેનો સહજ લાભ પ્રાપ્ત થાય તથા, બીજા હરકોઇ જીજ્ઞાસુને પોતાના કલ્યાણનું પરમ સાધન થઇ પડે, એવા હેતુથી

હાલ રાણુ, આગમ (તાંત્ર) શાસ્ત્ર ઇ.ના પ્રમા-
ણુથ ષ્ટાંગ जीवन भास्कर નામે અતિ વિસ્તાર-
વાળો ગ્રંથ, દ્ધ ક્ષેત્રમાં બીંદુ સરોવરપર "વાનપ્રસ્થાશ્રમ"
દીક્ષામાં વીર મહારાજ શ્રી દામોદરદાસ હયગ્રીવેશ્વર મહાત્માના
પરીશ્રમથી તૈયાર થયો છે. તે સર્વને સરખો ઉપયોગી થાય એવા
હેતુથી સટીક છપાવવાનો અમારો પ્રયત્ન છે. ગ્રંથનો વિસ્તાર મહાન
હોવાથી તેનાં આઠ અંગ કરી પ્રત્યેક અંગ જુદા જુદા પુસ્ત-
કના રૂપમાં છપાવી પ્રગટ કરવાનો નિર્ણય થવાથી, હાલમાં તેનું
प्रथमांग वैष्णवता प्राप्ति નામે પ્રગટ થાય છે. જેમાં વૈષ્ણવતાનું
રહસ્ય એવું તો સમાયું છે, કે તેના પાઠ માત્રથી મહાન ભક્તોના
ચારિત્રની સ્વાભાવિક સુગંધ પ્રાપ્ત થાય છે, વળી તેનું ધીરે ધીરે મનન
કરતાં નિર્દોશ જીવનનો અનુભવ મળે છે. અને મનોનિગ્રહ જે માટે
ધારણા પ્રાણાયામ ઇ. અષ્ટાંગ યોગ સાધન કરવું પડે છે, તે
એકજ સ્ફુરે છે. એટલે આ અતિ ઉપયોગી ગ્રંથની અતિશયોક્તિ
થા નું કારણ નથી. ગ્રાહક થઇ નામ નોંધાવવુંજ ઇષ્ટ છે. અગા-
ઉથી ગ્રાહક થનાર પાસેથી રૂ. ૧-૦-૦ ટપાલ સાથે લેવાનો રાખ્યો
છે કદના પ્રમાણમાં કિંમત બીલકુલ થોડી છે, માટે નામ જલ્દી
નોંધાવો પાછળથી રૂ ૧-૮-૦ ટપાલ સાથે લેવામાં આવશે.

મહારાજશ્રીની આજ્ઞાથી પ્રસિદ્ધ કર્તા.

સ્માર્ત વૈષ્ણવ પરિષદ સિદ્ધપુર
ઠેકાણું જગન્નાથ ગોપાળજી વૈદ્ય.
દામોદર પ્રસાદ ઔષધાલય.

શ્રી સ્માર્ત વૈષ્ણવ મિત્ર મંડળ

આજકાલ શ્રી સિદ્ધપુર ક્ષેત્રમાં જાહેર પુ ... ૧૮ વાના કારણે અમે નીચે સહીઓ કરનારાએ ... ના ના પુસ્તકાલય ઉઘાડ્યું છે.

આ પુસ્તકાલય ખાનગી છતાં તેનો લાભ સર્વ જીજ્ઞાસુને આપવામાં આવે છે, તે સાથે તેના નિયમ પણ નક્કી કરેલા તેથી જે ગૃહસ્થ આ પુસ્તકાલયમાં મદદ કરશે તે ઉપકાર ... સ્વીકારવામાં આવશે. તથા તેને નિયમમાં દર્શાવેલા ખાસ ... આપવામાં આવશે.

આ પુસ્તકાલયમાં, સ્વધર્માનુકૂળ માસિકો, વર્તમાન પત્રો, ત... ચાલુ જમાનાને અનુકૂળ પ્રખ્યાત લેખકોદ્વારા પ્રસિદ્ધ થયેલા ગ્રં... શિવાય શ્રુતિ, સ્મૃતિ, પુરાણ અને આગમોક્ત ગ્રંથોનો સારો સંગ્ર... કરવામાં આવશે. જેમ બને તેમ સાત્વિક પ્રકૃતિને પથ્ય સામગ્રી... શુશોભિત કરી સ્વધર્મની પુષ્ટી થાય એવા હેતુથી આ ક્ષેત્રને મ... આ પુસ્તકાલયની અગત્ય વિચારી છે. વળી જન સમુહના કલ્યાણ... આ યોજના પરિપૂર્ણ દશાએ પ્રસિદ્ધિમાં લાવવા અમારો ... પ્રયત્ન છે. જેથી આ પુસ્તકાલયને ઉદાર આશ્રય આપનારનો ... કાલીન ઉપકાર માનવામાં આવશે.

લી. અમો શ્રી સ્માર્ત વૈષ્ણવ મિત્ર પુસ્તકાલયના મેમ્બ...

૧ ચુનીલાલ ગીરજાશંકર. ઉપાધ્યાય.
૨ જગન્નાથ ગોપાલજી. પંડીત.
૩ છોટાલાલ માધવલાલ. દ્વીવેદી.
૪ કેશવલાલ દાદાભાઇ, ભટ.
૫ મંગળલાલ લાલજી. ઠાકર.
૬ નારાયણ ઉમીયાશંકર. વ્યાસ.
૭ પ્રહ્લાદ જયશંકર. વ્યાસ.
૮ આત્મારામ હીમતરામ દ્વીવેદી.